મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૬ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૧૭માં આંબાનું વૃક્ષ ધરાશાયી

ગાંધીનગર, તા.૫

હવે ગાંધીનગર શહેરમાં જુના વૃક્ષો ધરાશાયી થવાનો જાણે સિલસિલો શરુ થયો હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં વાવોલ ખાતે વર્ષો જુનું વૃક્ષ પડતા એક મહિલાનું મોત નિપજ્યું હતું અને બે ને ઈજા પહોંચી હતી. ત્યારબાદ બે-ત્રણ દિવસ બાદ વાવોલમાં તોંતિગ વૃક્ષ પડ્યું હતું. તો બીજી તરફ સે-૧૫ કોલેજ ખાતે પણ લીંમડાનું ઝાડ પડતા એક યુવાનને ઈજા તેમજ વાહનોને નુકશાન થયું હતું. એક ઘટનાને બાદ કરતા મોટાભાગે માલહાની અને જાનહાનીને ખાસ કંઈ નુકશાન થવા પામ્યું નથી. ત્યારે ગઈકાલે રાત્રીના સુમારે સેકટર-૧૭ ખાતે બ્લોક નં.૩૬-૧૦ છ ટાઈપ ખાતે આંબાનું ઝાડ પડતા હોહા મચી ગઈ હતી. જો કે ઝાડ ધાબા પર પડતા ધાબાની પાળીઓ તુટી ગઈ હતી. આ વૃક્ષને કાપવા માટે વસાહતીઓએ લેખિત અરજી કરી હતી પરંતુ બે વર્ષ થવા છતા કોઈ સાંભળતુ નહોતું. નંબર આવશે ત્યારે આવીને કાપી જઈશું આવા વાક્યો વસાહતીઓને સાંભળવા મળતા હતા. પરંતુ અચાનક રાત્રીના સમયે વૃક્ષ પડવાની ખબર મળતા જ વન વિભાગની ટીમ આવી પહોંચી હતી અને તાત્કાલીક વૃક્ષનો નિકાલ કરી દીધો હતો. જયારે વૃક્ષ પડતા સ્થાનિક નાગરીકોનો આબાદ બચાવ થવા પામ્યો છે. જયારે ઝાડ પડવાનો અવાજ આવતા મોટી સંખ્યામાં રાત્રીનો સમય હોવા છતા નાગરીકો એકઠા થઈ ગયા હતા.

@ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અષાઢ વદ-૯ ના રોજ ગુલાબી ઘટાના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● જાગૃત નાગરિક પરિષદની બેઠક સાંજે ૫ કલાકે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે મળશે.

નગરમાં ગરબાની તૈયારીઓ શરુ

ગાંધીનગર, તા.૫

નવલી નવરાતને બે માસ જેટલો સમય બાકી રહ્યો છે, ત્યારે ગાંધીનગર શહેરમાં અત્યારથી જ ઠેર ઠેર ગરબા કલાસીસ શરુ થઈ ગયા છે. જેમાં યુવા વર્ગ ગરબે ઘુમવા ચાર કલાકથી વધુ ગરબાના વિવિધ સ્ટેપ્સ શીખવા માટે પસીનો વહાવી રહ્યા છે. ત્યારે આ વર્ષે રોણા શેરમાં રે ગીત પર ખૈલેયાઓ ગરબામાં ગરબે ઘુમશે. જયારે કેટલાક ગરબા પ્રેમીઓ દ્વારા ગરબાની સ્ટાઈલમાં ઉમેરો કરીને વિવિધતા લાવવામાં આવી છે. શહેરમાં ૨૦ થી વધુ ગરબા કલાસીસમાં ૭ વર્ષથી લઈને ૭૦ વર્ષના વડીલ ગરબા શીખી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં અત્યારથી જ નવરાત્રી જેવો માહોલ જામ્યો છે. નગરના

વિવિધ સેકટરોમાં તેમજ ન્યુ ગાંધીનગરમાં ગરબા કલાસીસ શરુ થઈ ગયા છે. ત્યારે શહેરમાં ૨૦ થી વધુ ગરબા કલાસીસમાં નાના બાળકથી લઈને મોટીવયના વડીલો પણ ગરબાના સ્ટેપ્સ શીખીને સમય સાથે તાલ મીલાવી રહ્યા છે. ત્યારે આ અંગે રીધમ ગરબા કલાસીસના સંચાલક નિરવ લોથ જણાવી રહ્યા છે કે આ વર્ષે થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. દરેક ગરબા પ્રેમી પોતાના શરીર પ્રત્યે જાગૃત હોય છે. જેથી દોઢીયામાં શરીરને કસરત મળી રહે તેવા સ્ટેપ્સ ઉમેરતા ખૈલેયાઓનો ઉત્સાહ પણ જળવાઈ રહે છે અને શરીરની કાળજી પણ લેવાઈ જાય છે. જયારે કચ્છી, દોઢીયું, પોપટીયું, તળપદા, કાલબેલીયા નૃત્ય,કાઠીયાવાડી, રાજસ્થાની, વિલંબીત રાસ, હુડો, રાસ, હીંચ, ફ્રી સ્ટાઈલ ગરબા સહિતમાં વિવિધતા જોવા મળશે. જયારે યુવાનોમાં થાનગઢનો ભરવાડી ડ્રેસ ખુબ જ પ્રચલીત છે જેથી યુવાનોએ હજ્જારો રૂપીયા ખર્ચ કરીને બનાવ્યો છે. મહિના અગાઉથી વિવિધ ગરબાની પ્રેકટીસ કરીને ખૈલેયાઓ નવરાત્રીમાં ગરબે ઘુમીને માતાજીની આરાધના કરવા થનગની રહ્યા છે. ત્યારે આ વર્ષે કેટલાક ગુજરાતી ગીતો પણ ખુબ પ્રચલીત બનતા ગરબા પ્રેમીઓ તે ગીત પર ગરબા રમતા નજરે પડશે. જેમાં રોણા શેરમાં રે, કિસ્મતની ગાડી ટોપ ગીયરમાં રે.. હોટ ફેવરીટ છે. જયારે આગામી સમયમાં વધુ ગરબાના તાલિમ વર્ગો પણ ખુલશે, નવરાત્રી આવતા જ શહેરમાં અનોખો માહોલ જામશે. હાલ તો ગરબાપ્રેમીઓ સ્ટેપ્સ શીખવા પસીનો વહાવી રહ્યા છે.

સરગાસણ પાસે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ક્રિકેટ મેચ પર સટ્ટો રમવાનુ અને સટ્ટો રમાડવાનુ નેટવર્ક ગાંધીનગરમાં વધી રહ્યુ છે ત્યારે સામાન્ય મેચમાં પણ યુવાઓ ઝડપી રૂપિયા કમાઈ લેવા માટે સટ્ટો લગાવતા થઈ ગયા છે. શનિવારની મોડી સાંજે સરગાસણ પાસે એક સટ્ટોડીયો યુવાન તમીલનાડુ પ્રિમિયર લીગની એક મેચ ઉપર મોબાઈલમાં સટ્ટો રમતો પકડાઈ ગયો હતો. સેક્ટર-૭ પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ શહેરને અડીને આવેલા સરગાસણ ચોકડી પાસેના સ્વાગત રેઈન ફોરેસ્ટ-૩ ખાતે દેવનંદન ફ્લેટના એસ ૫૦૨ માં રહેતો સચિન ઉર્ફે લકી કિશોર ઠક્કર સટ્ટો રમતા ઝડપાઈ ગયો હતો. શનિવારે રાત્રે ૮ વાગ્યાના અરસામાં બાજુમાં આવેલી એક ચાની કીટલી પાસે બેસીને હાલમાં ચાલી રહેલી તમીલનાડુ પ્રિમિયર લીગની મદુરાઈ અને લાયકા વચ્ચે રમાઈ રહેલી મેચમાં મોબાઈલ પરથી સટ્ટો લગાવતો હતો. મોબાઈલ એપ દ્વારા જ સટ્ટો રમવામા આવતો હતો. ત્યારે સેક્ટર-૭ પોલીસના મહાવીરસિંહને મળેલી ચોક્કસ બાતમીના આધારે સટ્ટોડીયાને મોબાઈલ સાથે રાત્રે ઝડપી લીધો હતો. તેની પાસેથી રૂ. ૫૦૦ રોકડા તથા બે મોબાઈલ ફોન સહિત કુલ ૩ હજારની કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. સટ્ટો રમી રહેલા આ શખ્સની ધરપકડ કરીને સેકટર-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તે કોની પાસેથી સટ્ટો લખાવતો હતો તે સહિતની વિગત બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૫

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા સમાજના સભ્યોના બાળકો કે જે કે.જી.થી ધો-૧૨ સુધી અને ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે પરિક્ષામાં સારા માર્ક સાથે પાસ કરી હોય તેમને મેરીટ મુજબ સંસ્થા તરફથી ઈનામ આપી બહુમાન કરવામાં આવશે. ઈનામ માટે સંસ્થા દ્વારા નિયત કરેલા ફોર્મ તા. ૩૧ ઓગસ્ટ સુધીમાં સંસ્થાના કાર્યાલયમાં પહોંચાડવા સંસ્થાના સભ્યોને સંસ્થાના પ્રમુખ બાબુલાલ સુથાર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

સિવિલમાં આડેધડ વાહનોનો ખડકલો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા દર્દીઓનો ભારે ધસારો રહે છે. આઠમાળની ઈન્ડોર ઈમારત અને પાંચ માળની ઓપીડી બિલ્ડીંગમાં દર્દીઓ મોટી માત્રામાં જોવા મળે છે. આથી સિવિલ કેમ્પસમાં વાહન પાર્કીંગનો મામલો પેચીદો બની જવા પામ્યો છે. સિવિલમાં ગમે ત્યારે આડેધડ વાહન પાર્ક કરવામાં આવતા સિક્યુરીટીના જવાનો સાથે ક્યારેક દર્દીના સગાઓને ચકમક ઝરતી હોય છે. જયારે ગમે ત્યાં વાહનો પાર્ક કરવામાં આવતા ચોર ઈસમો માટે પણ સિવિલ કેમ્પસ વચ્ચે હોટ ફેવરીટ બન્યું હતું. સિવિલમાંથી સમયાંતરે વાહનચોરીના બનાવો બનતા હતા. કેમ્પસમાં આડેધડ વાહનો પાર્ક કરવામાં આવતા અન્ય વાહન માલિકને પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. મેડીકલ કોલેજના સ્ટુડન્ટ, સ્ટાફ, સિવિલનો નર્સિંગ સ્ટાફ, ડોક્ટર્સ, વહીવટી સ્ટાફ, ખાનગી એજન્સીનો સ્ટાફ સહિત દર્દીઓ તેમજ સગાઓના વાહનો ક્યાં મુકવા તેની મથામણ કરતા નજરે પડે છે. જયારે પાર્કીંગમાં વાહન મુકવા કોઈ તૈયાર હોતું નથી. સ્ટાફ માટે વિના મુલ્યે હોવા છતા પોતાની ડ્યુટીની જગ્યાએ વાહનો પાર્ક કરતા આડશરુપ બને છે. વાહનો ગમે તેમ મુકવામાં આવતા દર્દીને લઈને આવતી એમ્બ્યુલન્સને પણ તકલીફનો સામનો કરવો પડે છે. આથી વાહનો યોગ્ય રીતે કોઈને નડે નહી તે રીતે મુકવામાં આવે તેવી સુચારુ વ્યવસ્થા તંત્ર દ્વારા ગોઠવવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

સરગાસણ ચોકડી અટ્રીયા કોમ્પ્લેક્સ પાસે અંધારામાં દારૂ વેચવા બેઠલા ત્રણ પકડાયા

૩૫ બિયરના ટીન અને ૩ વિદેશી દારૂની બોટલ જપ્ત

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સરગાસણ ચોકડી પાસે અટીરીયા કોમ્પલેક્સ નજીક ગઈ મોડી સાંજે ત્રણ શખ્સો અંધારામાં દારૂ-બિયર વેચવા બેસી ગયા હોવાની બાતમીના આધારે સેકટર-૭ પોલીસે દરોડો પાડીને દારૂ બિયરના જથ્થા સાથે ત્રણેયની ધરપકડ કરી લીધી હતી. સરગાસણ આસપાસ જ રહેતા ત્રણેય ખેપિયાઓની ૩૫ બિયરના ટીન અને ૩ વિદેશી દારૂની બોટલ સાથે સેકટર-૭ પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ કે.કે પંડયાની ટીમ ગઈ કાલે મોડી સાંજે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે સરગાસણ ચોકડી પાસે આવેલા અટીરીયા કોમ્પ્લેક્સના એક ખૂણે અંધારામાં ત્રણ શખ્સો દારૂ-બિયર લઈને તેનો વેપલો કરવા બેઠા છે. આ બાતમીના આધારે ટીમે દરોડો પાડી ત્રણેય શખ્સોને દારૂ બિયરના જથ્થા સાથે પકડી પાડયા હતા. પોલીસે સરગાસણ પાસે આવેલા કેપિટલ ફ્લોરા એપાર્ટમેન્ટમાં રહેતા હાર્દિક જયંતીભાઈ કાવર તથા તેનો ભાઈ સાગર જયંતીભાઈ કાવર ઉપરાંત સરગાસણ ખાતેના સિદ્ધિવિનાયક બંગ્લોઝમાં રહેતા બકા મનસાજી ઠાકોર મળીને ત્રણેય શખ્સોની ધરપકડ કરી લીધી હતી. પોલીસે તેમની પાસેથી ૩૫ નંગ બિયરના ટીન અને ૩ નંગ વિદેશી દારૂની બોટલ મળી કુલ રૂ.૮૨૫૦ ની કિંમતનો દારૂ બિયર જપ્ત કરી લીધો છે. આ ખેપિયાઓ દારૂ-બિયરનો જથ્થો ક્યાંથી લાવ્યા હતા અને કેટલા સમયથી આ જ સ્થળે વેપલો કરી રહ્યા હતા તે સહિતની ઊંડી પૂછપરછ પોલીસે શરૂ કરી છે.

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા વાવોલના સોસાયટી વિસ્તારમાં હકારાત્મક પ્રવૃત્તિઓ થકી વિસ્તારની સમસ્યાઓનો હલ શોધવાનો પ્રયાસ કરવાનો પ્રેરણાત્મક પ્રયાસ કરવામાં આવે છે. આજે આ સમિતિ દ્વારા ગ્રીનસીટી સોસાયટીમાં પર્યાવરણ જાગૃતિને અનુલક્ષીને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વાવવામાં આવેલા વૃક્ષોના છોડને 'ફ્રેન્ડશીપ બેન્ડ' બાંધી બાળકોએ ઉત્સાહપૂર્વક અનોખા ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરી હતી.

બુધવારે સે-૨૧ હવેલી મંદિરે પૂ. વિશાલબાવાનું વચનામૃત યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનરના સેકટર-૨૧માં હવેલી મંદિર ખાતે આગામી તા.૮ મી ઓગસ્ટ બુધવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે પૂ. વિશાલબાવાના વચનામૃતનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો લાભ લેવા શહેરના સર્વે વૈષ્ણવોને ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

ચિરવિદાય

- સ્વ. ચંપાબેન શિવાજી ઠાકોર, ઉ.વ. ૬૮
- સ્વ. સલાટ ભલાભાઈ મલુભાઈ, ઉ.વ. ૯૦

મારું બ્લડ ગૃપ અને જીવનમંત્ર બંને એક છે : 'બી પોઝીટીવ'

આગામી ૯મી ઓગસ્ટે રાજયપાલના હસ્તે સન્માન પ્રાપ્ત કરવા જઈ રહેલા શહેરના ૮ સેન્ચુરિયન રકતદાતાઓમાં ૧૩ વાર રકતદાન કરનાર સુકેતુ મહેતા પણ સામેલ : રકતદાન સાથે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ તેમજ થેલેસેમિયા જાગૃતિ માટે કાર્યરત સુકેતુ મહેતા યુવાનો માટે પ્રેરણાદાયી વ્યકિતત્વ

ગાંધીનગર, તા.૫

ઓગસ્ટ માસ એટલે જાણે તહેવારોનો મહિનો અને એમાં રાષ્ટ્રીય તહેવાર સ્વાતંત્ર્ય દિન પણ આવી જાય. દર વર્ષે ગુજરાતના રાજયપાલ ઓ.પી. કોહલી દ્વારા બે વાર એટલે કે પહેલા ફેબ્રુઆરી માસમાં અને પછી ઓગસ્ટ માસમાં સ્વતંત્રતા દિવસ પૂર્વે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ સમયે રાજયમાં રકતદાન કરવામાં સદી ફટકારી હોય તેવા સેન્ચુરિયન રકતદાતાઓનું સન્માન પણ કરવામાં આવે છે. આ વખતે તા. ૯મી ઓગસ્ટના રોજ આ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગરના ૮ સહિત રાજયભરના સેન્ચ્યુરિયન રકતદાતાઓનું સન્માન કરાશે. ગાંધીનગરના જે રકતદાતાઓનું સન્માન થશે તેમાં પ્રથમ ક્રમે વરિષ્ઠ રકતદાતા શશિકાંત મોઢા પછી દ્વિતિય ક્રમે ૧૩૫ વાર રકતદાન સાથે સુકેતુ મહેતા છે જેઓ વયની દૃષ્ટિએ સૌથી નાની વયના સેન્ચુરિયન રકતદાતા છે.

ગુજરાતના અમરેલી જિલ્લાના સાગરકાંઠાના ઊનાનો વણિક પરિવાર જે મુંબઈમાં સ્થાયી થયો હતો તે પરીવારમાં જન્મેલા સુકેતુ મહેતાના પિતા બૃહદ મુંબઈ રાજયમાં સરકારી કર્મચારી હતા. જયારે સુકેતુ મહેતાની વય પાંચેક વર્ષની હતી ત્યારે ગુજરાત રાજય અલગ પડતા તેમના પિતાની નોકરી અમદાવાદ ખાતે આવી જતા પહેલા દરિયાખાન ઘુમ્મટ 'એ' કોલોની અને ત્યારબાદ ગાંધીનગર પરિવાર સહિત સ્થાયી થયા હતા. ત્રણ ભાઈઓમાં સૌથી નાના એવા સુકેતુભાઈ જયારે સે-૧૫ની સરકારી કોમર્સ કોલેજમાં

અભ્યાસ કરતા હતા ત્યારે તેમના જન્મદિને એટલે કે તા. ૩જી માર્ચ ૧૯૮૩ના રોજ કેમ્પસમાં યોજાયેલા રકતદાન શિબિરમાં તેમણે પ્રથમવાર રકતદાન કર્યું હતું અને ત્યારે તેમને ખબર પડી કે તેમનું બ્લડ ગૃપ 'બી પોઝીટીવ' છે એટલે જાણે મનોમન જીવનમાં પણ 'બી પોઝીટીવ' એટલે કે સકારાત્મક વિચારધારા અપનાવી જીવવું તેવો નિર્ધાર કરી લીધો હતો. એક તરફ તેમની

નામની સહઅધ્યાયી સાથે પ્રેમલગ્ન કરી લીધા હતા જેમને સકારી નોકરી મળી ગઈ અને તેમણે પણ જીવનમાં ૫૬ વાર રકતદાન કર્યું છે. રકતદાનની પ્રવૃત્તિ માટે સુકેતુભાઈને સૌથી વધુ ગાંધીનગરમાં સેવાકીય પ્રવૃત્તિઓની ગંગોત્રી સમા જી.એન. ખારોડ સાહેબે પ્રેરિત કર્યા હતા અને બીજા ક્રમ તેમની પત્નિ અને એકની એક દિકરીએ. એકવાર તો સુકેતુભાઈના જન્મદિને તેમની દિકરી જે વડોદરા એમ.એસ. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી હતી ત્યારે તે દિવસે કેમ્પસમાં રકતદાન શિબિર યોજાઈ હોવાથી પિતાની જેમ જ 'રકતદાન' કરી બર્થ ડે ગીફટ આપી હતી.

સુકેતુભાઈ મોટે ભાગે જરૂરિયાતમંદને અણીના સમયે રકતદાનની સેવા પુરી પાડે છે તેમાં એકવાર ૧૯૮૬માં એક અત્યંત ગરીબ પરીવારની દિકરી માટે મધરાતે સિવિલ હોસ્પિટલમાં રકતદાન કરવા ગયા તે સમયે રકતદાતા માટે કૉફી પણ બહારથી લાવવી પડતી હતી. તેમને અપાયેલી કૉફીમાં ફુડ પોઈઝનીંગ થયેલું હોવાથી સુકેતુભાઈની તબિયત એટલી લથડી કે દિવસો સુધી હોસ્પિટલમાં દાખલ રાખવા પડયા અને બે દિવસ તો બરફની પાટ પર સુવડાવવા પડયા હતા. તબીબોએ તો તેમના બચવા અંગે શંકા વ્યકત કરી હતી. જો કે સુકેતુભાઈ સાજા તો થઈ ગયા પરંતુ પછીના દોઢ વર્ષ સુધી રકતદાન નહોતા કરી શકયા. રકતદાન પ્રવૃત્તિ સાથે સુકેતુભાઈ શહેરમાં વિવિધ જાણીતી સેવાકીય સંસ્થાઓ સાથે જોડાઈને અનેક સેવા પ્રવૃત્તિઓમાં અગ્રેસર ભૂમિકા ભજવતા તેમજ રકતદાન શિબિરોના આયોજન માટે કાર્યરત રહેવા લાગ્યા હતા. આ દરમિયાન તેમણે બે ત્રણ કંપનીઓમાં નોકરી કર્યા પછી એક રાજસ્થાની ભાગીદાર સાથે પોતાનો ટ્રાન્સપોર્ટનો વ્યવસાય ચાલુ કર્યો જે આજે પાર્ટનર સાથે ના હોવા છતાં પણ રાજસ્થાન ટ્રાન્સપોર્ટના નામથી જ ચાલે છે. દોઢ વર્ષના બ્રેક પછી ફરી એકવાર શહેરના ખાનગી તબીબને ત્યાં દાખલ જરૂરિયાતમંદ વર્ગની દિકરીની સારવાર માટે ઈમર્જન્સીમાં રકતની જરૂર પડતા રકતદાન કરવા પહોંચી તેમણે પુનઃ રકતદાન યજ્ઞ આરંભ્યો હતો. આ પછી તો તેમનું દર ત્રણ માસના નિયમિત અંતરે રકતદાનનું સેવાકાર્ય ચાલતું જ રહ્યું છે. વર્ષ ૨૦૦૯માં એકવાર થેલેસેમિયાના દર્દી માટે રકતદાન કરવા પહોચેલા સુકેતુ મહેતાને પહેલીવાર આ મહારોગ અંગે જાણ થઈ અને તેમને લાગ્યું કે આ રોગ માટે જનજાગૃતિ ફેલાવવી ખુબ જરુરી છે. બસ પછી તેમણે ગાંધીનગરના ડૉ. ગુંજન જૈન પાસેથી અને વાંચન કરી થેલેસેમિયા અંગે મહત્વની જાણકારી પ્રાપ્ત કરી અને ત્યાર પછી શહેરની કોલેજોમાં જઈને વિના મૂલ્યે યુવાનોને થેલેસેમિયા જાગૃતિ માટેના લેકચર આપવાનું ચાલુ કર્યું અને સાથે સાથે તેમને ટેસ્ટ કરાવવા પ્રેરિત કરવાનું ચાલુ કર્યું. તેઓ યુવાનોને કહે છે કે જો તમે પ્રેમી યુગલ હોવ કે તમારું સગપણ થયેલું હોય અને બંને થેલેસેમિયા માઈનોર હોવ તો આ સંબંધ ભુલી રાખડી બાંધી લેજો સુકેતુભાઈ અત્યાર સુધીમાં શહેરની કોલેજમાં આશરે ૪૦થી વધુ લેકચર્સ લઈ ચુકયા છે અને અનેક થેલેસેમિયા માઈનોર્સનું કાઉન્સેલિંગ પણ કરી ચુકયા છે. અનેક ગરીબ થેલેસેમિયા મેજર દર્દીઓના પરિવારને તેઓ દાતાઓ થકી દર માસે કરિયાણું પુરું પાડવાની સેવા પણ કરી રહ્યા છે.

આ દરમિયાન વર્ષ ૨૦૦૯માં ૭મી સપ્ટેમ્બરે તેમણે રકતદાનની સદી પૂર્ણ કરી હતી. તમામ તારીખો અને નંબરો મોઢે રાખવામાં પાવરધા સુકેતુભાઈને વર્ષ ૨૦૧૩-૧૪માં એકવાર મુંબઈથી મોટા દાતાની દિકરીના અકસ્માતમાં બહુ દુર્લભ કહી શકાય તેવા 'એ' નેગેટીવ ગૃપની ચાર બોટલ રકત માટે ફોન આવ્યો અને બીજે દિવસે તેમણે ચાર રકતદાતાઓને સ્વ ખર્ચે મુંબઈ રવાના કર્યા હતા જેમાં બે યુવતિઓ હતી. સુકેતુભાઈની દિકરી અત્યારે પરણીને અમેરિકામાં સ્થાયી છે પરંતુ તેણે પણ જીવનમાં ૧૨ વાર રકતદાન કર્યું છે. એકવાર તો સુકેતુભાઈ તેમના જ નામધારી વ્યકિતને અકસ્માત થતા સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા જયાં પેલા સુકેતુભાઈનું મૃત્યુ થતા શહેરમાં સુકેતુ મહેતાના મૃત્યુની અફવા ફેલાઈ હતી જેના કારણે તેમના પિતાનો ફોન બે દિવસ સુધી સતત રણકયો હતો. છેલ્લું ૧૩૫મું રકતદાન હજુ ગત મે માસમાં પોતાના માતાના અવસાના ચોથા દિવસે જ કરનાર સુકેતુ મહેતાને હવે વર્ષ ૨૦૨૫ સુધીમાં સમગ્ર ગાંધીનગર જિલ્લાને થેલેસેમિયા મુકત કરવો છે અને આ લક્ષ્ય માટે તેઓ સતત કાર્યરત છે. ખરેખર હૃદયથી વંદન છે આવા સેવા ભેખધારીને જેમને આમ તો અનેક સન્માન પ્રાપ્ત થઈ ચુકયા છે પરંતુ હજુ તેમનું જેટલું સન્માન કરીએ તેટલું ઓછું છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com